# ગઝલ

## પ્રશાંત સોમાણી

**(1)**

સર્વનો આપના દીલમાં સ્વીકાર છે?
કે પછી મુડ પર સઘળો આધાર છે?

એક બે હારથી શું હરાતું હશે?
ચાલ ઉભો થા, તું થોડો લાચાર છે?

આવજો, મંચ છોડી હવે જાઉં છું,
ઘરમાં મારા અલગથી બે કીરદાર છે.

પ્રેમથી વાત ઘરન બધા માની લે,
એની બોલી ખરેખર અસરદાર છે.

પુછવાની ફરજ એ તો મારી ‘પ્રશાંત’,
બાકી તો ક્યાં કશો મારો અધીકાર છે?

**(2)**

આપણો જ્યારે સમય બદલાય છે,
હોય સાથે એય સામે થાય છે.

સાવ ખોટાં આંસુડાં સારે સગા,
પીઠ પાછળ મુછમાં મલકાય છે.

ભાર દફતરનો હટાવીને જુવો,
ફુલ જેવાં બાળકો કરમાય છે.

આંખ તારી ખાય છે ચાડી બધી,
મારો ખાલીપો તને વર્તાય છે.

શ્વેત, લીલું હોય કે ભગવું 'પ્રશાંત',
ધર્મના નામે બધું વેચાય છે.

**(3)**

કહો કોણે કોની સજાવટ કરી છે,
ધરા સાથ આભે સખાવત કરી છે.

હા, મેં છંદ સાથે શરારત કરી છે;
છતાં મારી ગઝલે કરામત કરી છે.

અમીરી–ગરીબી બધું જોઈ લીધું,
પછી આજ સાથે પતાવટ કરી છે.

હતા સત્યને ચાહનારા છતાં પણ;
તમે મારી સાથે બનાવટ કરી છે.

ઉદાસી નથી આવતી કઈ અમસ્તી,
ખુશીએ જ નક્કી બગાવત કરી છે.

**(4)**

ગામમાં થોડા આશરા રાખો,
બારણાં છે તો આવ-જા રાખો.

એકબીજાનું સત્ય જોવું છે?
સામસામે બે આયના રાખો.

નોટ–સીક્કા બધે નહીં ચાલે,
પર્સમાં કોઈની દુવા રાખો.

જેમ રાખી છે અન્ય રંગોની,
માણસાઈની પણ ધજા રાખો.

બંધ કરજો ભલે બધા રસ્તા,
એક રસ્તો તો ચાલવા રાખો!

## (5)

સાંજ પ્હેલાં કામયાબી પામવા માંગી હતી,
એટલે તો રાહ કપરી દોડવા માંગી હતી!

સાવ ખોટી ગેરસમજણ આપણી વચ્ચે થતી,
ક્યાં કદીયે ભુલ સાચી શોધવા માંગી હતી?

એમણે માંગી; પરંતુ કેમ આપું એમને?
જાતઅનુભવની કહાની વાંચવા માંગી હતી.

એ સબબ એના ગુન્હાઓ માફ કરજે, હે પ્રભુ;
અંત વેળા વાત સાચી બોલવા માંગી હતી.

જીંદગીનાં આખરી પાને પહોંચીને 'પ્રશાંત',
એક ચીત્રકારે ઈચ્છા દોરવા માંગી હતી.

## (6)

જોઈએ છે શું પ્રથમ એ શોધવાનું હોય છે,
એ પછી મહેનત કરીને પામવાનું હોય છે.

કોઈ ચાહે કે ના ચાહે એની ચીંતા છોડી દો,
સૌ પ્રથમ પોતે સ્વયંને ચાહવાનું હોય છે.

સાંજના કરમાઈ જાતાં ફુલ પાછળ ના રડો,
ત્યાં સવારે કોઈ બીજું ખીલવાનું હોય છે.

રોષમાં રસ્તો ભલે નોખો લીધો છે એમણે,
એમને તારા વગર ક્યાં ચાલવાનું હોય છે!

પ્રેમ કરવો એટલો આસાન થોડો છે 'પ્રશાંત',
છેક દીલથી દીલનું અંતર કાપવાનું હોય છે.

## (7)

ભલેને પાન પીળાં છે,
જો ભીતરથી એ લીલાં છે.

થવાના પીઠ પાછળ ઘા,
અહીં સહુ ઓળખીતા છે.

નથી દેખાતું અંદરથી,
કરમની એ જ પીડા છે.

કદી આંસુ જુવો મારાં,
તો સમજી લો, ખુશીનાં છે.

થયો નીલકંઠ ના ક્યારેય,
ભલે મેં વીષ પીધાં છે.

**(8)**

સડક પર ભલે ને પડું આથડું છું,
છતાંયે હું મારામાં કાયમ રમું છું.

શરીફોની આંખે સદા ખુંચતો'તો,
જુગારી, શરાબી બધાને મળું છું.

બધી આફતોને પચાવી હું બેઠો,
ખુશી હોય કે દર્દ, હસતો જડું છું.

અશ્રુને હું મોતી ગણી વેચવા ગ્યો,
મળ્યા ભાવ પાણીના, પાછો વળું છું.

સવારે મળીને હું આવું સનમને,
ફરી સાંજે એના વીચારે ચડું છું.

બહુ સાચવેલી હ્રદયની હવેલી,
હવે આજથી તારા નામે કરું છું.

**(9)**

કોણ પડે ઝઘડાની વચ્ચે?
સત્ય અને સપનાંની વચ્ચે?

સાચું પણ દેખાશે તમને,
શંકા ને અફવાની વચ્ચે.

કંકર ને શંકર છે નોખા,
ફર્ક પડે શ્રદ્ધાની વચ્ચે.

પોતાને ભીતર શોધું ત્યાં,
દેખાયો રસ્તાની વચ્ચે.

બહુ મોટું અંતર છે, વ્હાલા,
'કરશું' ને 'કરવા'ની વચ્ચે.

## (10)

કોઈ પાસે બેસવાનો ક્યાં સમય છે તારી પાસે,
બોલ મીઠા બોલવાનો ક્યાં સમય છે તારી પાસે?

આમ આંખે પાટા બાંધી પૈસા પાછળ શીદ દોડે,
તારા માટે જીવવાનો ક્યાં સમય છે તારી પાસે?

ભાગ્યમાં લખ્યું હશે તો આપશે ઈશ્વર ઘણુંયે,
પણ ભરોસો રાખવાનો ક્યાં સમય છે તારી પાસે?

મા રડે ઘરના ખુણે ને બાપ પડ્યો ખાટલે તોય,
'શું થયું છે' પુછવાનો ક્યાં સમય છે તારી પાસે?

વેદ વાંચ્યા ગીતા વાંચી ભાગવત આખું છે મોઢે,
'માની આંખો' વાંચવાનો ક્યાં સમય છે તારી પાસે?

પ્રશાંત સોમાણી

## કવીસમ્પર્ક:

### ઘર:

I-133, અભીનંદન પેલેસ, શીલ્પાપાર્ક સોસાયટી, રંગ અવધુત સોસાયટી પાસે,

માતાવાડી, લંબે હનુમાન રોડ, સુરત -395 006

### ઓફીસ -:

ઈનોવેટીવ ડીઝાઈન, 203- શ્રી રાજ સંભવનાથ એપાર્ટમેન્ટ, B-72, રામકીશ્ના સોસાયટી,

બેંક ઓફ બરોડાની બાજુમાં, વસંત ભીખા વાડી પાસે, લંબે હનુમાન રોડ, સુરત-395 006

eMail : somaniprashant115@gmail.com Mobile : 7405137001

Facebook -https://www.facebook.com/prashant.somani1

Facebook Page - https://www.facebook.com/PrasantaNiRacanao

પ્રકાશીત ગઝલસંગ્રહ : 'તારા હાથથી..' - 2013

@@@@@

'સન્ડે ઈ.મહેફીલ'ના આ અંકના અતીથી સમ્પાદકો, સુરતના યુવા ગઝલકારો ભાઈ

શ્રી ગૌરાંગ ઠાકર – (gaurang_charu@yahoo.com) અને

ભાઈ શ્રી સુનીલ શાહ (sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર..

..ઉ.મ..

@@@@@

'સન્ડે ઈ.મહેફીલ' - વર્ષ : **સોળમું** - અંક : 460- August 30, 2020

'ઉંઝાજોડણી'માં : અક્ષરાંકન સુનીલ શાહ - sunilshah101@gmail.com

@@@@@

**Download Earlier SeMs :**

https://www.gujaratilexicon.com/gujarati-literature-ebooks/sundayemahefil/

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,93,56,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 1,75,20,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 11,25,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

More than 13,50,000 have visited Global-Gujaratilexicon
http://global.gujaratilexicon.com

@@@@@

ગુજરાતી ભાષાની આવી, સર્જાયેલી અને સર્જાતી, પ્રશીષ્ટ–જીવનપોષક કૃતીઓ વાંચવાનો શોખ અને અવકાશ હોય તો, તમારું પુરું *નામ, આઈડી, સરનામું, કૉન્ટેક્ટ નંબર*.. વગેરે માહીતી લખી અમને ઈ.મેલ લખજો..

તમને પણ અમારી આ 'સન્ડે ઈ.મહેફીલ', દર પંદર દીવસે એક મેલ સાથે આમ, પીડીએફરુપે મળતી રહેશે..


–ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com અને

–મૈત્રી શાહ - maitri@gujaratilexicon.com


@@@@@@@@@

460.GAZALs-PRASHANT_SOMANI-SeM-30-08-2020